મૂક ધ્વનિ ટ્રસ્ટ સંચાલિત


# શ્રીમતી કમળાબેન બધિર વિદ્યાલય , વડોદરા.

ભગીની સમાજ પાછળ , પાણીની ટાંકી રોડ ,કારેલીબાગ,વડોદરા – ૩૯૦૦૧૮
EMAIL ID – kbvidyalaya@gmail.com

સ્થાપના વર્ષ-૧૯૭૪




# KBV “THE LITTLE HANDS “ ન્યુઝલેટર



માસિક અંક – ૫ માહે- માર્ચ – ૨૦૨૩ પ્રસિધ્ધ તા: ૦૬ /૦૪/૨૦૨૩ ચૈત્ર સુદ-15 ( પૂનમ )



શાળાના આચાર્યશ્રી દિપકભાઈ બારોટને **“શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ”** થી સન્માનીત કરતા માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ , કેબીનેટ મંત્રીશ્રી, ભારત સરકાર



સંસ્થાના પ્રમુખશ્રી રીકેશ દેસાઈને જન્મદિને શુભેચ્છાપત્ર આપતા માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ, કેબીનેટ મંત્રીશ્રી, ભારત સરકાર

માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ, , કેબીનેટ મંત્રીશ્રી, મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય, ભારત સરકાર, ન્યુ દિલ્હી. શ્રીમતિ રંજનબેન ભટ્ટ માન. સંસદ સભ્યશ્રી, વડોદરા , ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, સંસ્થાના પ્રમુખશ્રી રીકેશ દેસાઈ ,મૂક ધ્વનિ ટ્રસ્ટ ના સન્માનનીય ટ્રસ્ટી ગણ , શ્રીમતી સવિતાબેન પુરસોત્તમભાઈ રૂપાલા તથા સેફલર કંપનીના H R Manager શ્રી જય પ્રકાશ નાયર સર, ડો. વલ્લભભાઈ બી. ભેંસદડિયા સભ્યશ્રી, SMC- મૂક ધ્વનિ ટ્રસ્ટ અને નિવૃત્ત, નાયબ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત ઉપરોક્ત તસવીરોમાં ખુશહાલ મુદ્રામાં દ્રષ્ટીમાન થાય છે.

## આચાર્યશ્રીની કલમે........

અમારી વિદ્યાલયનું માસિક ન્યુઝ લેટર **KBV “The Little Hands “** નો આ પાંચમો અંક બહાર પાડતા અમને ખૂબ જ આનંદ થાય છે.

સૌથી પહેલા તો શાળાનાં બધિર દિવ્યાંગ બાળકોની માતાઓને કાર્યક્રમની શરૂઆતમાં સાઇનલેંગવેજમાં પ્રાર્થના રજૂ કરવા માટે ખૂબ ખૂબ અભિનંદ આપું છે કારણકે તેઓએ શાળામાં યોજાતાં સાઈન લેંગવેજ વર્કશોપમાં આવીને પોતાના બધિર બાળકના સર્વાંગી વિકાસ માટે જરૂરી એવી સાઈન લેંગવેજ શીખી છે. અન્ય વાલી મિત્રો માટે પ્રેરક ઉદાહરણરૂપ બનેલ છે. તેમજ “શાળા વાર્ષિકોત્સવ” ૨૦૨૩ને સફળ બનાવવામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક કાર્ય કરનાર તમામ બાળકો અને કર્મચારી ભાઈબહેનોને યાદ કરવાનું કેમ ભૂલાય ?

## કલા:

કલા શિક્ષણથી બાળકોનાં શાબ્દિક અને અશાબ્દિક વ્યવહારમાં સારપ પ્રગટે છે. બાળકોને પોતાની રીતે કામ કરવામાં કલા અભિગમ સહાય રૂપ બને છે. તેમનો ઉત્સાહ પણ વધે છે. કલા શિક્ષણથી બાળકમાં રહેલી સુષુપ્ત શક્તિઓ જાગ્રત થાય છે. અને તેમની નિરીક્ષણ શક્તિ તીવ્ર બને છે. કલા શિક્ષણ દ્વારા જ ઘરનો, સમાજનો અને ખુદનો અભ્યાસ થઈ શકે છે.

"કલા" એ તો બાહ્ય જગતના જ્ઞાન અને અનુભવોને વ્યક્તિના આંતર જગતના જ્ઞાન અને અનુભવો સાથે જોડાવા માટેનો હેતુ છે. "કલા શિક્ષણ" માં વિદ્યાર્થીઓ જે સમજ્યા છે. તેની રજૂઆત કરવા માટે વિદ્યાર્થીઓના પૂર્વાનુભાવો , ખ્યાલો વગેરે કામ આવે છે.દરેક વ્યક્તિની રજૂઆત કરવાની શક્તિ તથા ગ્રહણ શક્તિ જુદીજુદી હોય છે. કારણકે પ્રત્યેક વ્યક્તિ કુદરત સર્જિત વૃક્ષ જેવી છે. જેમ વૃક્ષની આબેહૂબ પ્રતિકૃતિ મળી શકતી નથી. કલા શિક્ષણ વ્યક્તિઓમાં સમાનભાવ અને સંવેદના જન્માવી શકે છે.

**કલાના માદયમ દ્વારા શાળાના બધિર દિવ્યાંગ બાળકોના સર્વાંગી વિકાસ માટે અમે ખૂબ જ પ્રયત્નશીલ છીએ .**

## "શાળા વાર્ષિકોત્સવ" ૨૦૨૩

દર વર્ષની જેમ આ વર્ષે **"શાળા વાર્ષિકોત્સવ" ૨૦૨૩ આપણી શાળા સંકુલમાં તા:૨૬/૦૨/૨૦૨૩ ને રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે આયોજીત કરેલ હતો. જેમાં કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ, કેબીનેટ મંત્રીશ્રી, મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય, ભારત સરકાર, ન્યુ દિલ્હી. તેમજ અતિથિ વિશેષ શ્રી કેયુરભાઈ રોકડીયા મેયરશ્રી, વડોદરા મહાનગર સેવા સદન અને ધારાસભ્યશ્રી સયાજીગંજ, વડોદરા.** અને **અતિથિ વિશેષ શ્રીમતિ રંજનબેન ભટ્ટ** માન. સંસદ સભ્યશ્રી, વડોદરા , **ભૂતપૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર શ્રી રાજેન્દ્ર ત્રિવેદી, શ્રીમતી સવિતાબેન પુરસોત્તમભાઈ રૂપાલા, સેફલર ઈન્ડીયા કંપનીના શ્રી જે પી સર તથા ડો. વલ્લભભાઈ બી. ભેંસદડિયા સાહેબ સભ્યશ્રી, SMC- મૂક ધ્વનિ ટ્રસ્ટ અને નિવૃત્ત, નાયબ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત** ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી.

**સામાન્ય રીતે દરેક માણસને પ્રશ્ન થાય કે બધિર અને સંગીત આ બે શબ્દોનો તાલ કઈ રીતે બેસે ? પણ શાળાના આ બધિર દિવ્યાંગ બાળકોના સાંસ્કૃતિક કાર્યક્રમોમા સંગીતના તાલે માઈમ, ડાંસ વગેરે જેવી વિવિધ કૃતિઓ નિહાળીને** માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ, કેબીનેટ મંત્રીશ્રી, મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલય, ભારત સરકાર, ન્યુ દિલ્હી એ પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે સામાન્ય બાળકો પણ ન કરી શકે તેવી અદભૂત કૃતિઓ આ બાળકોએ પ્રદર્શિત કરી છે . તેઓએ કાશ્મીરના ઉરી સૈન્ય કેમ્પ પર થયેલ આંતકવાદી હુમલો અને ભારતના વીર જવાનો દ્વારા કરાયેલ સર્જીકલ સ્ટ્રાઈક પરનાં માઈમ અને જી20 પર રજૂ કરેલ કૃતિના સવિશેષ વખાણી હતી. **માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ** ના હસ્તે શાળાના આચાર્યશ્રી દિપકભાઈ બારોટને શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યાં હતા. **માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબના** હસ્તે સંસ્થાના પ્રમુખશ્રી રીકેશ દેસાઈ સરને **શુભેચ્છાપત્ર આપી જન્મદિનના ખૂબખૂબ અભિનંદન આપવામાં આવ્યા હતાં . સાંસ્કૃતિક** કાર્યક્રમને અંતે ૯૮ મી મન કી બાત માનનીય વડાપ્રધાનશ્રી નરેંદ્રભાઈ મોદી સાહેબ નો જીવંત પ્રસારણ શાળાના બધિર બાળકો , આમંત્રિત મહેમાનો, જિ.સ.સુ.અધિકારીશ્રી એમ.પી.ત્રિવેદીએ સાહેબ , વાલીઓ , શહેરના અગ્રણી હોદ્દેદારો અને સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ ,તમામ **કર્મચારી ભાઈ બહેનોએ નિહાળ્યો હતો. શાળાના બધિર બાળકોને સાઈન લેંગ્વેજમાં સમગ્ર કાર્યક્રમ સમજાવવામાં આવેલ.**




સ્વાગત મુખ્ય મહેમાન માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ કંકુ તિલક , બેંડ, કલશથી શાળાની બધિર કન્યાઓ દ્વારા




પ્રાર્થના શાળાના બધિર બાળકો અને તેમની માતાઓ દ્વારા બધિર બાળકો માતૃભાષા સાઈન લેંગવેજમાં




દીપ પ્રાગટ્ય




મંચસ્થ મહાનુભાવો અને વક્તવ્ય આપતાં માન.શ્રી પુરશોત્તમ રૂપાલા સાહેબ






યોગા ડાંસ - ઊતરે મુજમે ..આદી યોગી..















ગ્રુપ ડાંસ-  કલ હો ના હો......







ગ્રુપ ડાંસ- જ્ઞાન જ્યોત " પઢના હૈ લિખના હૈ.. આગે હી બઢના હૈ"















માઈમ - ઉરી અને સર્જીકલ સ્ટ્રાઈક.....

આપણાં કાશ્મીરના ઉરી સૈન્ય કેમ્પ પર થયેલ આંતકવાદી હુમલો અને ભારતના વીર જવાનો દ્વારા કરાયેલ સર્જીકલ સ્ટ્રાઈક પરનાં માઈમને મળેલ સ્ટેન્ડીંગ ઓવેશનની ઝલક





મૂક ધ્વનિ ટ્રસ્ટ સંસ્થાનાં પ્રાથમિક અને માં/ઉમા શાળાના આચાર્યશ્રીઓને શ્રેષ્ઠ શિક્ષક અને બંને વિભાગના શ્રેષ્ઠ વિદ્યાર્થીઓને એવોર્ડથી સન્માનીત કરયા તેની ઝલક દર્શાવતી તસ્વીર








સાંસ્કૃતિક કાર્યક્રમને અંતે "૯૮ મી મન કી બાત" માનનીય વડાપ્રધાનશ્રી નરેંદ્રભાઈ મોદી સાહેબ નો જીવંત પ્રસારણ શાળાના બધિર બાળકો , આમંત્રિત મહેમાનો, જિ.સ.સુ.અધિકારીશ્રી એમ.પી.ત્રિવેદી સાહેબ , વાલીઓ , શહેરના અગ્રણી હોદ્દેદારો અને સંસ્થાના તમામ ટ્રસ્ટીઓ ,તમામ **કર્મચારી ભાઈ બહેનોએ નિહાળ્યો** હતો.

**શાળાના બધિર બાળકોને સાઈન લેંગ્વેજમાં સમગ્ર કાર્યક્રમ સમજાવવામાં આવેલ.**

**તા. ૧૫/૩/૨૦૨૩ના રોજ શાળાના ૫ બધિર બાળકોના Audiogram કરાવી તેઓની સાંભળવાની ક્ષમતા ચકાસવામાં આવી.**




**તા. ૨૮/૩/૨૦૨૩ને મંગળવારના રોજ L & T Knowledge City , Vadodara ના Campusમાં LTEHના માર્ગદર્શન મુજબ 52th National Road Safety Week Celebration અંતર્ગત શાળાના ૮ (આઠ) બધિર બાળકો દ્વારા Road safety skill પર સુંદર Mime રજુ કરવામાં આવ્યું. L & T CO. ના બધા જ કર્મચારીઓ તે માઈમ જોઈ અને બાળકોની કૃતિને વખાણી હતી. પ્રોત્સાહન ઈનામ આપી બાળકોને અને સંસ્થાને અભિનંદન આપેલ હતા.**





તા.૦૧/03/૨૦૨૩ના રોજ સર્વોદય કોલેજ ઓફ એજ્યુકેશન તા- કાલોલ, જિ.પંચમહાલ M.ed ના કુલ - ૮ પ્રશિક્ષણાર્થીઓને આચાર્યશ્રી દ્વારા બધિર દિવ્યાંગ બાળકોની વિશિષ્ટ શિક્ષણ પધ્ધતિ , તેમની મુશ્કેલીઓ , મર્યાદાઓ વિશે, તેમની ક્ષમતા અને વિવિધ સિધ્ધિઓ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી. શાળાની મુલાકાત કરાવી સંસ્થાની વિવિધ પ્રવૃતિઓ અને સંસ્થાના ધ્યેય વિશે માહિતી આપવામાં આવી.

તા.૨૯/૩/૨૦૨૩ને બુધવારના રોજ સ્વ. એમ .સી.પરમાર બી.એડ. કોલેજ , ખટંબા, વડોદરાના બી.એડ -4th Semના કુલ ૮૦ તાલીમાર્થી ભાઈ- બહેનોએ શાળાની મુલાકાત લીધી હતી. પ્રાર્થનાહોલમાં બાળકો દ્વારા






Signlanguage માં પ્રાર્થના જોઈ ખૂબ ખુશ થયા હતા. શાળાના આચાર્યશ્રી દ્વારા તેઓ બધિર શિક્ષણએ સામાન્ય શિક્ષણથી કેવી રીતે અલગ છે. તે વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી. બધિર બાળકોની ક્ષમતાઓ , સિધ્ધિઓ અને મર્યાદા વિશે માહિતગાર કરાયા . ૧૯૭૪થી ચાલતા સંસ્થાના સેવાકીય કાર્યો, સિધ્ધિઓ અને શિક્ષણની સાથે પુન: સ્થાપનના ધ્યેય વિશે માહિતી આપવામાં આવેલી હતી.





તરુણાવસ્થા ધરાવતી શાળાની કન્યાઓને આપવામાં આવતા જાતીય શિક્ષણ દ્વારા તેમની મુશ્કેલીઓના ઉકેલ માટે જરૂરી માર્ગદર્શન આપવાનો પ્રયત્ન શાળા દ્વારા સમયાંતરે કરવામાં આવે છે.





શાળાના  કમ્પ્યુટરરૂમમાં  કમ્પ્યુટર શિક્ષણ મેળવતા શાળાના બધિર દિવ્યાંગ બાળકો



પ્રોજેક્ટર દ્વારા સામાન્ય જ્ઞાનનું શિક્ષણ મેળવી રહેલા બાળકો





Saturday's Sports and Exercise





